અપીલ અરજી નં.૧૫૩ તા.૭–૭ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વાય.એમ.સૈયદ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વાય.એમ.સૈયદની તા.૨૬–૫–૧૧ની અરજીથી એ–૨૭/૨૮ ,નિર્મલનગર, હનુમાન મંદિર પાસે, પાણીની ટાંકી અમરોલી સુરત ખાતે,આવેલ મિલકતની ઉપર થઈ રહેલા બાંધકામ બાબતે મુદ્દા નં. (૧)એ–૨૭/૨૮ , નિર્મલનગર, હનુમાન મંદિર પાસે, પાણીની ટાંકી અમરોલીવાળી મિલકત ઉપર હાલ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવે છે કે કેમ ? વિ.મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૭–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૫૩/૨૦૧૧–૧૨

શ્રી વાય.એમ.સૈયદની તા.૨૬–૫–૧૧ની અરજીથી એ–૨૭/૨૮ ,નિર્મલનગર, હનુમાન મંદિર પાસે, પાણીની ટાંકી અમરોલી સુરત ખાતે,આવેલ મિલકતની ઉપર થઈ રહેલા બાંધકામ બાબતે મુદ્દા નં. (૧) એ–૨૭/૨૮ ,નિર્મલનગર, હનુમાન મંદિર પાસે, પાણીની ટાંકી અમરોલીવાળી મિલકત ઉપર હાલ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવે છે કે કેમ ? વિ.મુદ્દા નં. (૧) થી (૬) ની માહિતી આપવા બાબતેએડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન કતારગામ ના પત્ર નં. એન.ઝેડ./ આઉટ/ ૧૬૮૪ તા.૨૨–૬–૧૧ તથા કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જા.મા.અ.નો.ઝો.કતારગામ ના પત્ર નં. એન.ઝેડ./ એ.આર.ડી./૧૨૦ તા ૩–૬–૧૧થી જે જવાબો આપવામાં આવેલા છે તે મનસ્વી અને મહાનગર પાલિકાનાં નિયમોને અવગણી માહિતી માંગનારને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૭–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં તેમણે પાંચ મુદ્દાની માહિતી નહીં મળ્યાનું પણ જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં. ૬ અંગે ગેરકાયદેસર બાંધકામ અંગે કાર્યવાહીની વિગતો દફતરે છે કે કેમ ? હોય તો તે અંગે થયેલ ન થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી દફતરી માહિતી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭૦ તા.૧૨–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)તથા અરજદારને કલમ–૨ (એફ) (જે) ની જોગવાઈ ધ્યાને લેતાં મુદ્દા નં. ૧ થી ૫ અંગે તેમના દાવા અનુસાર મનસ્વી માહિતી અંગે તેમની કક્ષાએ આધાર હોય તો તે રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એન.ઝેડ./આઉટ/૧૬૮૪ તા.૨૨–૬–૧૧થી બાકી પાંચ મુદ્દાની માહિતી પણ દફતરી વિગતે પુરી પાડયાનું જણાય છે તેમ છતાં શું નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આરટીઆઈ/આ.નં.૨૫૯૨ તા.૧૮–૭–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને મુદ્દા નં.૫ ની માહિતી અંગે નાણા ભરવા અંગે સમય અવધિમાં પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૨૦ તા.૩–૬–૧૧ ના પત્રની નકલ, અરજદારને મુદ્દા નં.૫ ની આપેલી માહિતી અંગે પત્ર નં. નં.એન.ઝેડ/એઆરડી/૧૩૭ તા.૮–૬–૧૧ ના પત્રની નકલ તથા માહિતી મળ્યા અંગે સહી અંગે ટપાલબુકની નકલ, મુદ્દા નં.૫ સિવાયના અન્ય મુદ્દાઓ અંગે આપેલી માહિતી અંગે નં.એન.ઝેડ/એઆરડી/૧૬૮૪ તા.૨૨–૬–૧૧ ના સમય અવધિમાનાં પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૮–૭–૧૧ નો પૂરક વિગતનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૬–૫–૧૧ ની અરજીથી એ–૨૭/૨૮ ,નિર્મલનગર, હનુમાન મંદિર પાસે, પાણીની ટાંકી અમરોલી સુરત ખાતે,આવેલ મિલકતની ઉપર થઈ રહેલા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી મ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૫ અંગે નં.એન.ઝેડ/એઆરડી/૧૨૦ તા.૩–૬–૧૧ નાણા ભરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. તેમજ નં.એન.ઝેડ/એઆરડી/૧૩૭ તા.૮–૬–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય મુદ્દા અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૬૮૪ તા.૨૨–૬–૧૧ ના પત્રથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૨–૭–૧૧ ના રોજ મળેલ જવાબ સંપૂર્ણ અને ન્યાયિક નથી તથા ગેરમાર્ગે દોરનાર છે તેવું જણાવી નારાજ થઈ તા.૭–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારના મુદ્દા નં.૧ એ–૨૭/૨૮ ,નિર્મલનગર, હનુમાન મંદિર પાસે, પાણીની ટાંકી અમરોલીવાળી મિલકત ઉપર હાલ બાંધકામ ચાલી રહેલું હોય એસ.એમ.સી. ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવે છે કે કેમ ? મુદ્દા નં.૨ સદર મિલ્કતની કોઈ પરવાનગી આપી હોય તો કેટલા માળની અને કયા પ્રકારની બાંધકામની મંજુરી આપવામાં આવેલ છે તેવા પ્રશ્ન મુદ્દા નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત ઉપર થઈ રહેલ બાંધકામ અંગે એસએમસી ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૩ સદર મિલ્કતનું ક્ષેત્રફળ કેટલું છે અને હાલ કેટલા ક્ષેત્રફળમાં બાંધકામની મંજુરી આપવામાં આવી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બાંધકામની કોઈ પરવાનગી આપવામાં આવી નથી. જયારે આ મિલ્કતની આકારણી કોના નામે ચાલી આવેલ છે તેની માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૨૦ તા.૩–૬–૧૧ થી આકારણી અને વસુલાત વિભાગને લગતા મુદ્દા નં.૩ પૈકી પ્લોટ નં.એ–૨૭–૨૮ નિર્મલનગર હનુમાન મંદિર પાસે , પાણીની ટાંકી અમરોલી સુરત ખાતે આવેલ મિલ્કતની આકારણી કોના નામે ચાલી આવેલ છે તે બાબતે નોર્થઝોનના લાગત વોર્ડ સર્વેયર તરફથી રજૂ કરેલ ટેના નં.૬૧એ–૩૩–૨૧૨૧–૦–૦૦૧ થી ૦૦૩ અને ટેના નં.૬૧એ– ૩૩– ૨૧૪૧–૦–૦૦૧ થી ૦૦૬ ના પાર્ટી સ્ટેટસના પાના નંગ–૯ નોર્થઝોન ની આકારણી અને વસુલાત વિભાગની કચેરીમાંથી કચેરીના કામકાજના ચાલુ દિવસો દરમ્યાન સવારે ૧૧ થી ૪.૩૦ (રીશેષ સમય બપોરે ૨.૩૦ થી ૩.૦૦ સિવાય) દરમ્યાન તે અંગેની દસ્તાવેજી ખર્ચ રૂા.૧૮/– પાના દીઠ રૂા.૨/– જમા કરાવી મેળવી લેશો. તેવું જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૧૭૪૦૬ તા.૭–૬–૧૧ થી રૂા.૧૮/– ભરપાઈ કરેલ. જેના અનુસંધાને અરજદારને પત્ર નં.એન.ઝેડ/૧૩૭ તા.૮–૬ –૧૧ થી માહિતી મોકલવામાં આવેલ. જે અરજદારે પ્યુનબુકમાં સહી કરેલ છે. જે અંગે અરજદારને અપીલમાં તેવી માહિતી મળ્યાની સ્વીકારેલ છે અને તે અંગે અરજદારનો કોઈ વિવાદ નથી. મુદ્દા નં.૪ સદર મિલ્કતના બાંધકામની પરવાનગીની રજાચિઠ્ઠીની નકલ (૫) સદર મિલ્કતમાં થઈ રહેલ બાંધકામના પ્લાન મંજુરી અને નકશાની નકલની માંગણી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં.૪ અને ૫ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર જગ્યાએ બાંધકામ કરવાની કોઈ પરવાનગી આપવામાં આવેલ ન હોવાથી રજાચિઠ્ઠી તેમજ પ્લાન મંજુરી કે નકશાની નકલ ૧ થી ૫ આપી શકાય એમ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ સદર મિલ્કત ઉપર વગર પરવાનગીએ બાંધકામ થઈ ગયું હોય તો તેની સામે કોઈ પગલા કેમ ભરાતા નથી તેની વિગત અથવા તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ હેઠળ ફકત રેકર્ડ આધારીત ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે. વધુમાં આકારણી વિભાગ તરફથી અલગ પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે માંગવામાં આવેલ ૬ પ્રશ્નમાંથી માત્ર ૩ નંબરના પ્રશ્નનો જવાબ આકારણી કોના નામે ચાલી આવેલ છે તેની માહિતી આપવામાં આવેલ છે. જયારે અન્ય પાંચ પ્રશ્નની કોઈ માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ કરવામાં આવેલ જે સંદર્ભે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૮–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં પત્ર ક્રમાંક ૧૬૮૪ તા.૨૨–૬–૧૧ થી માહિતી મોકલ્યા બાદ નારાજગી અને આધાર મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. તેમજ દફતરી માહિતી પૂરી પાડયાનું પણ જણાવેલ. જેમાં અરજદારે માહિતી માંગ્યાની નાણા ભર્યાની રસીદ અને ખાતા તરફથી આપેલ જવાબોની નકલ હોવાનું જણાવેલ અને માહિતી છુપાવવા, ગેરમાર્ગે દોરવા અને સત્યથી વેગળા જવાબથી નારાજ છે તેવું જણાવેલ રૂબરૂમાં પુરાવા રજૂ કરીશુ તેવું જણાવેલ. પરંતુ નારાજગીના આધાર કે મનસ્વી નિર્ણય બાબતે વિગતો રજૂ કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુદ્દા નં.૩ સિવાયના પ્રશ્નો બાબતે બાંધકામની મંજુરી આપેલ ન હોવાનું દફતરી હકીકત જણાવેલ છે તેથી તેનો સંદર્ભની વિગતો ન હોવાનું પણ જણાવેલ છે. જયારે મુદ્દા નં.૬ અંગે અરજદારના વગર પરવાનગીએ બાંધકામ થઈ રહયું છે અને તેની સામે પગલા કેમ ભરાયા નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ હેઠળ પૂરી પાડવાની હોય છે. જયારે દફતરી માહિતીમાં બાંધકામની પરમીશન આપવામાં આવેલ નથી તેવું જણાવેલ હોય તો વગર પરવાનગીના બાંધકામ બાબતે જો કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની માહિતી અથવા નહીં કરવામા આવેલ હોય તો તેના કારણો સહિતની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૬–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતીમાં પૈકી મુદ્દા નં.૬ અંગે ઉપરોકત હકીકતમાં જણાવેલ વિગતે અરજદારને નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દફતરી વિગતે દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વાય.એમ.સૈયદ